For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### સમિયાલા ગામ પાસે અજાણ્યા વાહનની ટક્કરે ટ્રેલર પાછળ ઇકો વાન ધડાકાભેર ઘૂસી ગઈ, કારનો કચરઘાણ નીકળ્યો

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે લોહીથી ખરડાયો, અકસ્માતમાં ૪ના મોત

**ગંભીર** ઈજાગ્રસ્તો જિંદગી અને મરણ વચ્ચે ઝોલા ખાતા હોસ્પિટલમાં દાખલ

(પ્રતિનિધિ), વડોદરા. તા.7

વડોદરા જિલ્લાના સમિયાલા ગામ પાસેથી પસાર થતા નવનિર્મિત દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર આજે એક અત્યંત હૃદયદ્રાવક અને ભયાનક અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે જઈ રહેલી એક ઈકો વાન ને અજાણ્યા વાહનની ટક્કરે આગળ જઈ રહેલા ટ્રેલરના પાછળના ભાગે ધડાકાભેર અથડાતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો પ્રચંડ હતો કે ઈકો કારનો કચરઘાણ નીકળી ગયો હતો અને કારના પતરા ચીરીને અંદર બેઠેલા મુસાફરો ફસાઈ ગયા હતા. આ અકસ્માતને પગલે હાઈવે પરથી પસાર થતા અન્ય વાહનચાલકો થંભી ગયા હતા અને ઘટનાસ્થળે કાળજું કંપાવી દે તેવી ચીસાચીસ ગુંજી ઉઠી હતી.

આ કાળમુખી ઈકો વાનમાં અંદાજે આઠ જેટલા લોકો સવાર હતા. આ તમામ મુસાફરો વડોદરાના ગોત્રી વિસ્તારના તેમજ અનપાળના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. હાઈવે પર સર્જાયેલા આ કાળના તાંડવમાં ઘટનાસ્થળે જ ચાર વ્યક્તિઓના કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. જ્યારે કારમાં સવાર અન્ય ચાર વ્યક્તિઓને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ સ્થાનિક લોકો અને રાહદારીઓએ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી અને લોહીલુહાણ હાલતમાં ફસાયેલા લોકોને કારના પતરા તોડીને બહાર કાઢવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં જ 108 ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાની ટીમ ગણતરીની મિનિટોમાં ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ઈજાગ્રસ્તોની ગંભીર હાલતને જોતા તેમને તાત્કાલિક ગોત્રી GMERS હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સ્થિતિ નાજુક હોવાનું કહેવાય છે. સ્થાનિક પોલીસની ટીમે સ્થળ પર પહોંચીને મૃતદેહોને પીએમ અર્થે ખસેડવાની કામગીરી શરૂ કરી હતી. પોલીસે આ મામલે ગુનો નોંધી અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.



**ભોગ બનનાર**

**મૃતકો**

1) ગૌરીબેન રમેશભાઈ સોલંકી
2) દલપત ડાહ્યાભાઈ મેવાડા
3) નરેન્દ્રસિંહ લાલજીભાઈ રાઠોડ
4) પ્રહલાદ ઉર્ફે પ્રકાશ ભોગેશ્વર બારડ

**ઈજાગ્રસ્તો**

1) કનુભાઈ અંબાલાલ મેવાડા
2) રમેશભાઈ ડાહ્યાભાઈ સોલંકી
3) લક્ષ્મીબેન મગનભાઈ સોલંકી
4) ધર્મિષ્ઠાબેન પ્રકાશભાઈ બારડ



### મહીસાગરના ફ્રેન્ચવેલમાં રેતી કાઢવાની કામગીરી શરૂ

# વડોદરામાં પાણીની એલર્ટ! આગામી ૩૦ દિવસ અડધા શહેરમાં ઘટશે પાણીનું પ્રેશર

**૧૬ મુખ્ય** ટાંકીઓ અને અનેક વિસ્તારોમાં પાણી પુરવઠો અસરગ્રસ્ત રહેશે

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરા શહેરના લાખો નાગરિકો માટે આગામી એક મહિનો પાણીના ઉપયોગ મામલે સાવચેતી રાખવાનો રહેશે. વડોદરા મહાનગરપાલિકા (VMC) દ્વારા ચોમાસા પૂર્વે હાથ ધરવામાં આવેલી મહત્વપૂર્ણ કામગીરીને કારણે શહેરના મોટા ભાગના વિસ્તારોમાં પાણીનું પ્રેશર ઘટી શકે છે. મહીસાગર નદીમાં આવેલા રાયકા અને દોડકા ફ્રેન્ચવેલ કૂવાઓમાંથી ભરાયેલી રેતી દૂર કરવાની કામગીરી આવતીકાલથી શરૂ થવા જઈ રહી છે, જેના કારણે પાણી પુરવઠા પર સીધી અસર પડશે.

મહાનગરપાલિકાના હાઈડ્રોલિક વિભાગના જણાવ્યા મુજબ, ફ્રેન્ચવેલમાંથી રેતી કાઢવાની પ્રક્રિયા દરમિયાન હેવી પંપોને દરરોજ બેથી ત્રણ કલાક માટે બંધ રાખવા પડશે. પરિણામે સંબંધિત પાણીની ટાંકીઓ અને બુસ્ટર સ્ટેશનો સંપૂર્ણ ક્ષમતાથી ભરાઈ શકશે નહીં, જેના કારણે અનેક વિસ્તારોમાં પાણીનું પ્રેશર ઘટી જશે અને કેટલાક વિસ્તારોમાં પુરવઠાનો સમય પણ ઓછો થઈ શકે છે.

આ કામગીરીની સીધી અસર શહેરની આશરે 16 મુખ્ય પાણીની ટાંકીઓ પર પડશે. જેમાં એરપોર્ટ



બુસ્ટર, આજવા, ખોડીયારનગર, વારસિયા, ગાજરાવાડી, નાલંદા, દરજીપુરા, સમા, પૂનમનગર, નોર્થ હરણી, કારેલીબાગ, વ્હીકલપુલ, સયાજીબાગ, જેલ ટાંકી, પાણીગેટ અને લાલબાગ ટાંકીનો સમાવેશ થાય છે. ઉપરાંત ફાજલપુર ફ્રેન્ચવેલ સાથે જોડાયેલા પરશુરામ બુસ્ટર, છાણી ગામ, ટીપી-13 અને નવી ધરતી વિસ્તારના નાગરિકોને પણ પાણીની અછતનો સામનો કરવો પડી શકે છે.

હાઈડ્રોલિક વિભાગના અધિકારીઓએ જણાવ્યું છે કે ચોમાસા દરમિયાન શુદ્ધ અને પૂરતું પાણી મળી રહે તે માટે આ કામગીરી જરૂરી છે. જો કે, હવામાનમાં ફેરફાર અથવા વહેલા વરસાદની સ્થિતિમાં કામગીરીના સમયગાળામાં ફેરફાર થઈ શકે છે.

મહાનગરપાલિકાએ શહેરજનોને આગામી 30 દિવસ સુધી પાણીનો બગાડ ટાળવા, સંગ્રહ કરીને ઉપયોગ કરવા અને તંત્રને સહકાર આપવા અપીલ કરી છે. પાણીના પ્રેશરમાં ઘટાડાને કારણે કેટલાક વિસ્તારોમાં રોજિંદી જરૂરિયાતો પર અસર પડવાની શક્યતા હોવાથી નાગરિકોને આગોતરી તૈયારી રાખવા પણ સૂચન કરાયું છે.

# અકોટા વિસ્તારમાં ધમધમતા બોગસ ઈન્ટરનેશનલ કોલ સેન્ટરનો પર્દાફાશ

**બેરિલ** એપાર્ટમેન્ટમાં એલસીબી ઝોન 2ની રેડ ચાર શખ્સોની ધરપકડ, 7 મોબાઈલ, 8 લેપટોપ સહિત રૂ.3.57 લાખનો મુદ્દામાલ જપ્ત



(પ્રતિનિધિ) વડોદરા, તા.7

વડોદરા શહેરના અકોટા વિસ્તારમાંથી ગેરકાયદેસર રીતે ચલાવવામાં આવતું ઈન્ટરનેશનલ કોલ સેન્ટર ઝડપાતા ઓનલાઈન આંતરરાષ્ટ્રીય ઠગાઈના રેકેટનો પર્દાફાશ થયો છે. LCB ઝોન-2ની ટીમે દરોડો પાડી ચાર આરોપીઓની ધરપકડ કરી રૂ.3.57 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે DCP મંજીતા વણઝારાના માર્ગદર્શન હેઠળ પ્રધાનજીની ચાલ સ્થિત બેરીલ એપાર્ટમેન્ટમાં રેડ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન આરોપીઓ કોઈપણ પ્રકારની મંજૂરી કે લાઈસન્સ વિના અમેરિકન નાગરિકોને વોઈસ કોલ કરતા હોવાનું સામે આવ્યું હતું.

આરોપીઓ પોતાને ફાઈનાન્સ કંપનીના પ્રતિનિધિ તરીકે ઓળખાવી ગ્રાહકોને તેમની લોન મંજૂર થઈ હોવાનું જણાવી વિશ્વાસમાં લેતા હતા. ત્યારબાદ ડેબિટ કાર્ડની વિગતો, એક્સપાયરી ડેટ અને CVV નંબર મેળવી પ્રોસેસિંગ ફીના બહાને 150થી 200 ડોલર સુધીની રકમ પડાવતા હતા.

દરોડા દરમિયાન પોલીસે કરણ રામચંદ લોકવાણી, જોનાથન જોનસન દાસ, પંકજ અશોક જેઠવાણી અને આલેરસુલ મુસ્તાકઅલી સૈયદની ધરપકડ કરી હતી. સ્થળ પરથી 7 મોબાઈલ ફોન, 8 લેપટોપ, ફાઈબર વાઈ-ફાઈ રાઉટર, રોકડ રકમ સહિતના ઈલેક્ટ્રોનિક સાધનો મળી કુલ રૂ.3.57 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં આરોપીઓ લાંબા સમયથી વિદેશી નાગરિકોને નિશાન બનાવી ઓનલાઈન નાણાકીય છેતરપિંડી આચરતા હોવાનું ખુલ્યું છે. પોલીસે ગુનો નોંધી બેંક ટ્રાન્ઝેક્શન, સંપર્કો અને સમગ્ર નેટવર્ક સાથે સંકળાયેલા અન્ય શખ્સોની તપાસ હાથ ધરી છે.

## GCASની ટેકનિકલ ખામીથી વંચિત વિદ્યાર્થીઓને બીજા રાઉન્ડમાં તક મળશે

**મ.સ.યુનિ.** દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે રાહતના સમાચાર

(પ્રતિનિધિ) વડોદરા,તા.7

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે રાહતના સમાચાર જાહેર કરાયા છે. જીકાસ પોર્ટલની ટેકનિકલ સમસ્યાઓને કારણે અનેક વિદ્યાર્થીઓને અનુગામી પ્રવેશ રાઉન્ડમાં પસંદગીના કોર્સમાં પ્રવેશ ન મળવાની ફરિયાદો બાદ યુનિવર્સિટીએ મહત્વનો નિર્ણય લીધો છે.

વિદ્યાર્થીઓના હિતને સર્વોચ્ચ પ્રાધાન્ય આપીને અને રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ સાથે ચર્ચા બાદ એમએસયુએ નક્કી કર્યું છે કે અંડરગ્રેજ્યુએટ કાર્યક્રમોની રાઉન્ડ-2 તથા ત્યારબાદની તમામ પ્રવેશ પ્રક્રિયા અગાઉથી તૈયાર કરાયેલ મેરિટ યાદી મુજબ કડક ગુણક્રમના આધારે પારદર્શક રીતે હાથ ધરવામાં આવશે. કુલસચિવ દ્વારા જણાવાયું કે, રાઉન્ડ-1 બાદ ખાલી રહેલી બેઠકો માટે પાત્ર ઉમેદવારોને મેરિટ અનુસાર પ્રવેશની તક આપવામાં આવશે. કોઈપણ વિદ્યાર્થી ટેકનિકલ કારણોસર પ્રવેશથી વંચિત ન રહે તે માટે યુનિવર્સિટી પ્રતિબદ્ધ છે. જે વિદ્યાર્થીઓએ જીકાસ મારફતે રાઉન્ડ-1 દરમિયાન અરજી કરી હતી. પરંતુ, હજુ સુધી પ્રવેશ ફાળવવામાં આવ્યો નથી, તેઓએ ચિંતા કરવાની જરૂર નથી. આવા વિદ્યાર્થીઓને રાઉન્ડ-2 તથા ત્યારબાદના પ્રવેશ રાઉન્ડમાં તેમની મેરિટ અને લાગુ નિયમો અનુસાર પ્રવેશ મેળવવાની તક ઉપલબ્ધ રહેશે. વિદ્યાર્થીઓ અને વાલીઓને જણાવવામાં આવ્યું છે કે પ્રવેશ ફી ભરવાની પ્રક્રિયા તથા તેની સમયસૂચિ અંગેની વિગતવાર માહિતી ખૂબ જ ટૂંક સમયમાં યુનિવર્સિટીની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. યુનિવર્સીટીના આ નિર્ણયથી જીકાસની ખામીને કારણે મુશ્કેલીમાં મુકાયેલા સેંકડો વિદ્યાર્થીઓને મોટી રાહત મળશે.

## CBSE વિદ્યાર્થીઓની ગ્રેસ માર્ક્સ અને ફી માફીની માંગ

(પ્રતિનિધિ) વડોદરા તા.7

સીબીએસઈ ધોરણ-12ના પરિણામ બાદ દેશભરના વિદ્યાર્થીઓમાં નારાજગી જોવા મળી રહી છે. નવી ઓન-સ્ક્રીન માર્કિંગ સિસ્ટમમાં ટેકનિકલ ખામીઓના કારણે ઓછા માર્ક્સ, ચેક ન થયેલા જવાબો અને આન્સર શીટ મેળવવામાં વિલંબ થતો હોવાના આક્ષેપો વચ્ચે વિદ્યાર્થીઓએ ગ્રેસ માર્ક્સ તથા વેરિફિકેશન-રી-વેલ્યુએશન ફી માફ કરવાની માંગ ઉઠાવી છે. વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ સ્કેન કરેલી આન્સર શીટમાં ધૂંધળા પાના, ગુમ થયેલા પૂરક પાના અને મૂલ્યાંકનની ભૂલો જોવા મળી રહી છે. અનેક વિદ્યાર્થીઓએ સંપૂર્ણ જવાબ લખ્યા હોવા છતાં માર્ક્સ કપાયા હોવાનો દાવો કર્યો છે. એન્જિનિયરિંગ, મેડિકલ અને વિદેશ અભ્યાસ માટે અરજી કરનારા વિદ્યાર્થીઓને રી-વેલ્યુએશનની પ્રક્રિયામાં વિલંબ થતાં પ્રવેશની ડેડલાઈન ગુમાવવાનો ભય છે. પાંચ જૂન સુધી સીબીએસઈને 60 હજારથી વધુ અરજીઓ મળી છે. વિદ્યાર્થીઓ અને વાલીઓએ ફી માફી તથા ઝડપી ન્યાયની માંગ કરી છે.

## રવિવારે વિદ્યાર્થીઓને બોલાવી હેલ્પ ડેસ્ક બંધ રાખતા કોમર્સ ફેકલ્ટી સામે રોષ

**પૂર્વ સેનેટ** સભ્ય કપિલ જોશીએ ડીન પાસેથી સ્પષ્ટતા અને કાર્યવાહીની માગ કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.7

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં વહીવટી બેદરકારીનો કિસ્સો સામે આવ્યો છે. પ્રવેશ પ્રક્રિયા, ડોક્યુમેન્ટ વેરિફિકેશન અને અન્ય પ્રશ્નોના નિરાકરણ માટે રવિવારે હેલ્પ ડેસ્ક કાર્યરત રહેશે તેવી જાણ કરવામાં આવતા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ફેકલ્ટી ખાતે પહોંચ્યા હતા. જોકે, નિર્ધારિત સમયે હેલ્પ ડેસ્ક ખુલ્યું ન હોવાથી વિદ્યાર્થીઓને નિરાશ થઈ પરત ફરવું પડ્યું હતું.

વિદ્યાર્થીઓએ આક્ષેપ કર્યો કે દૂર-દૂરથી સમય અને ખર્ચ કરીને આવ્યા છતાં કોઈ જવાબદાર અધિકારી કે કર્મચારી હાજર નહોતો. ઘટનાને લઈને યુનિવર્સિટીના પૂર્વ સેનેટ સભ્ય કપિલ જોશીએ કોમર્સ ફેકલ્ટીના ડીનની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા હતા. તેમણે જણાવ્યું કે રજાના દિવસે વિદ્યાર્થીઓને બોલાવી હેલ્પ ડેસ્ક બંધ રાખવી ગંભીર બેદરકારી છે. વિદ્યાર્થીઓના સમય અને નાણાંની બરબાદી માટે જવાબદારો સામે કાર્યવાહી થવી જોઈએ. વિદ્યાર્થીઓએ ભવિષ્યમાં પૂરતી માહિતી અને યોગ્ય આયોજન બાદ જ આવા કાર્યક્રમો જાહેર કરવાની માંગ કરી છે.

## શહેરના ૩૫૭૦ ઉમેદવારોએ GPSC પ્રિલિમની પરીક્ષા આપી

(પ્રતિનિધિ) વડોદરા,તા.7

ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) દ્વારા વર્ગ-1 અને વર્ગ-2ની વિવિધ ભરતી માટે રાજ્યવ્યાપી પ્રિલિમ પરીક્ષા યોજાઈ હતી. વડોદરા શહેરના 15 પરીક્ષા કેન્દ્રો પર કુલ 3,570 ઉમેદવારોએ સવારે 11થી બપોરે 2 વાગ્યા સુધી પરીક્ષા આપી હતી.

રાજ્યમાં કુલ 268 જગ્યાઓ માટે 75 હજારથી વધુ ઉમેદવારો નોંધાયા હતા. ગુજરાત વહીવટી સેવા, મુલ્કી સેવા, નગરપાલિકા મુખ્ય અધિકારી, મદદનીશ વન સંરક્ષક-પરિક્ષેત્ર વન અધિકારી તથા હિસાબી અધિકારીની જગ્યાઓ માટે પરીક્ષા લેવામાં આવી હતી. રાજ્યના 19 જિલ્લાઓમાં 323 કેન્દ્રો પર પરીક્ષા યોજાઈ હતી.

નિયમ મુજબ ઉમેદવારોને કડક ચેકિંગ બાદ કેન્દ્રોમાં પ્રવેશ અપાયો હતો. દિવ્યાંગ ઉમેદવારોને 60 મિનિટનો વધારાનો સમય ફાળવવામાં આવ્યો હતો. પરીક્ષા સમગ્ર જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ હતી.

### ૧૬ વર્ષ બાદ પ્રથમ વખત શહેરમાં વકીલાત પ્રેક્ટિસની પરીક્ષા યોજાઈ

# AIBE પરીક્ષા : અત્યાર સુધીમાં સૌથી અઘરું પેપર નીકળતા વિદ્યાર્થીઓ મૂંઝાયા

**એઆઈબીઈ** પાસ કર્યા બાદ જ વિદ્યાર્થીને રાજ્ય બાર કાઉન્સિલમાં એડવોકેટ તરીકે નોંધણી કરાવવાનો અધિકાર મળે

(પ્રતિનિધિ) વડોદરા,તા.7

કાયદાનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ સુપ્રીમ કોર્ટ, હાઈકોર્ટ તથા જિલ્લા અદાલતોમાં વકીલાત પ્રેક્ટિસ માટે ફરજિયાત ગણાતી ઓલ ઈન્ડિયા બાર એક્ઝામિનેશન 16 વર્ષ બાદ પ્રથમ વખત વડોદરામાં યોજાઈ. શહેરના ચાર જેટલા કેન્દ્રો પર 1500થી વધુ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી. જે વડોદરાના કાયદાના વિદ્યાર્થીઓ માટે આનંદ અને ગૌરવની બાબત બની હતી.

એઆઈબીઈ પાસ કર્યા બાદ જ વિદ્યાર્થીને રાજ્ય બાર કાઉન્સિલમાં એડવોકેટ તરીકે નોંધણી કરાવવાનો અને ત્યારબાદ જિલ્લા બાર એસોસિએશનમાં નોંધણી કરાવવાનો અધિકાર મળે છે. સામાન્ય ભાષામાં તેને સનદ મળવી કહેવાય છે. કોઈપણ કેસમાં વકીલાત કરતી વખતે બાર કાઉન્સિલનો નોંધણી નંબર એટલે કે સનદ નંબર દર્શાવવો જરૂરી હોય છે. વર્ષ 2011માં પ્રથમ વખત એઆઈબીઈ પરીક્ષાનું આયોજન શરૂ થયું હતું. આ ઓપન-બુક પરીક્ષા હોવાથી વિદ્યાર્થીઓને કાયદાની મોટી-મોટી પુસ્તકો સાથે લઈ જઈ પરીક્ષા આપવાની હોય છે. ગત ઘણા વર્ષોથી વડોદરામાં પરીક્ષા કેન્દ્ર ઉપલબ્ધ ન હોવાથી વિદ્યાર્થીઓને અમદાવાદ, રાજકોટ કે સુરત જવું પડતું હતું. અનેક પુસ્તકો સાથે પ્રવાસ, એક દિવસ અગાઉ પહોંચી હોટેલમાં રોકાણ અને અજાણ્યા શહેરમાં કેન્દ્ર શોધવાની મુશ્કેલી હવે દૂર થઈ છે. પરીક્ષા આપનાર વિદ્યાર્થી પાર્થ પંડયાએ જણાવ્યું કે એઆઈબીઈનું પેપર છેલ્લા ઘણા વર્ષોના પેપરની સરખામણીએ ખૂબ જ અઘરું હતું. છેલ્લા વર્ષથી બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા સતત વધુ પડકારજનક પ્રશ્નપત્ર તૈયાર કરી રહી છે અને આજનું પેપર અત્યાર સુધીનું સૌથી મુશ્કેલ લાગ્યું. ઘણા પ્રશ્નો સીધા કાયદાની કલમો પર આધારિત ન હતા, પરંતુ કોન્સેપ્ટ અને ઐતિહાસિક માહિતી પર આધારિત હતા. ઉદાહરણ તરીકે, પીઆઈએલ ની શરૂઆત કોના દ્વારા થઈ તે અંગે પ્રશ્ન પૂછાયો હતો. એઆઈબીઈ ઓપન બુક એક્ઝામ હોવા છતાં અંદાજે 25થી 30 પ્રશ્નોના જવાબ Bare Act માં શોધવા છતાં સરળતાથી મળ્યા નહીં. માત્ર Bare Act પર આધાર રાખવાને બદલે કાયદાના મૂળભૂત સિદ્ધાંતો, મહત્વના નિર્ણયો અને કોન્સેપ્ટની ઊંડી સમજ પણ જરૂરી છે. વડોદરામાં પરીક્ષા કેન્દ્ર મળવાથી વિદ્યાર્થીઓએ રાહત અનુભવી, પરંતુ અઘરા પેપરને કારણે ઘણા વિદ્યાર્થીઓ મૂંઝવણમાં મુકાયા હતા.










